# Kashyap Kirtikumar Banaatwala
B.Com; LL.B.
**ADVOCATE**

5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com


પ્રતિ, તા.૧૯.૧૨.૨૦૨૨.

વી.જી. સ્કવેર રીયલ્ટી એલએલપી એક ભાગીદારી પેઢી
ઠે. દુકાન નં. ૧૫, પહેલા માળે, રાજ હર્ષ, જૈનમ એપાર્ટમેન્ટ પાસે,
પાલ, સુરત.

વિષય :– ટાઈટલ અભિપ્રાય :–
સુરત ડીસ્ટ્રીકટ તાલુકા અડાજણના ગામ **મોજે પાલમાં** આવેલ રેવન્યુ બ્લોક/ સર્વે નં. ૩૨૯/અ, ટી. પી. સ્કીમ નં. ૧૪ (પાલ), ફા. પ્લોટ નં. ૭૬, સબપ્લોટ નં. ૦૨ ના સીટી સર્વે વોર્ડ : ટી.પી.૧૪ (પાલ) ના સીટી સર્વે નં. ૧૭૦૦૧ થી નોંધાયેલી બિનખેતીની જમીન અંગે...

## :: જમીનની વિગત ::

સુરત ડીસ્ટ્રીકટ તાલુકા અડાજણના ગામ **મોજે પાલમાં** આવેલ રેવન્યુ બ્લોક/ સર્વે નં. ૩૨૯/અ, ટી. પી. સ્કીમ નં. ૧૪ (પાલ), ફા. પ્લોટ નં. ૭૬, સબપ્લોટ નં. ૦૨ ના સીટી સર્વે વોર્ડ : ટી.પી. ૧૪ (પાલ) ના સીટી સર્વે નં. ૧૭૦૦૧ થી નોંધાયેલી બિનખેતીની જમીન. જે જમીનનું ક્ષેત્રફળ ૩૫૬૦.૦૦ ચો.મી. છે. સદર જમીનની ચતુ:ર્થ દીશા નીચે મુજબ છે.

પૂર્વે :– લાગુ બ્લોક નં. ૩૨૯/એ, ફા. પ્લોટ નં. ૭૬, સબપ્લોટ નં. ૦૧ તથા બ્લોક નં. ૩૩૦, ફા. પ્લોટ નં. ૧૬૪ આવેલ છે.
પશ્ચિમે :– લાગુ બ્લોક નં. ૩૨૬/૨, ફા. પ્લોટ નં. ૭૫, તથા બ્લોક નં. ૩૨૬/૧, ફા. પ્લોટ નં. ૭૮ આવેલ છે.
ઉત્તરે :– લાગુ બ્લોક નં. ૩૨૬/૨, ફા. પ્લોટ નં. ૭૫ આવેલ છે.
દક્ષિણે :– લાગુ ૧૮.૦૦ મીટરનો રોડ આવેલ છે.

## :: ટાઈટલ અંગેની હકીકત ::

સુરત ડીસ્ટ્રીકટ તાલુકા અડાજણના ગામ મોજે પાલનાં રે.સર્વે નં. ૩૫૨ વાળી જમીનના મુળ માલીક વૈકુંઠલાલ ડાહયાભાઈ ચાલી આવેલ હતા. તેઓએ સદર જમીન તા.૨૭.૩.૧૯૩૩ ના રોજ મોઢાના કરારથી રૂા.૧૧૯૨/– નાં અવેજથી ડાહયાભાઈ હરીભાઈને વેચાણ આપેલ હતી. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૪૫૩ થી તા.૨૭.૩.૧૯૩૩ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે.

Kashyap Kirtikumar Banaatwala
B.Com; LL.B.
**ADVOCATE**

5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com

ત્યારબાદ સદર જમીન ડાહયાભાઈ હરીભાઈએ રૂા.૩૦૦૧/– નાં અવેજથી હીરાભાઈ કેશવભાઈને વેચાણ આપેલ હતી. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૦૪૯ થી તા.૧.૯.૧૯૫૦ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર જમીન માલીક હીરાભાઈ કેશવભાઈનું તા.૭.૮.૧૯૮૨ નારોજ અવસાન થયેલ હતું. તેઓના સીધીલીટીના વારસદારો (૧) માલીબેન હીરાભાઈ, (૨) ચુનીલાલ હીરાભાઈ, (૩) ચંદુભાઈ હીરાભાઈ તથા (૪) મોતીરામ હીરાભાઈ ચાલી આવેલ હતા. તેઓ પૈકી (૧) માલીબેન હીરાભાઈ, (૨) ચંદુભાઈ હીરાભાઈ તથા (૩) મોતીરાભ હીરાભાઈનાઓએ સદર જમીનમાં તેઓને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હીસ્સો તથા અધીકાર જોઈતો નથી તેવો જવાબ આપેલ હોવાથી મરનાર હીરાભાઈ કેશવભાઈનું નામ કમી કરી વારસાઈ હકકે તેમના સીધીલીટીના વારસદાર ચુનીભાઈ હીરાભાઈનું નામ રેવન્યુ દફતરે દાખલ કરવામાં આવેલ. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૩૯૦૦ થી તા.૧૭.૪.૧૯૮૦ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે. જે એન્ટ્રી કોઈ પણ ઈસમે ચેલેન્જ કરેલ નથી અને કાયમી થઈ ગયેલ છે.

---

સુરત ડીસ્ટ્રીકટ તાલુકા અડાજણના ગામ મોજે પાલનાં રે.સર્વે નં. ૩૬૫ તથા ૩૬૬ વાળી જમીનના મુળ માલીક વૈકુંઠલાલ ડાહયાભાઈ ચાલી આવેલ હતા. તેઓએ સદર જમીન તા.૨૦.૬.૧૯૫૬ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી રૂા.૮૬૦૮/– નાં અવેજથી બરજોરજી ફરામજી ભગતને વેચાણ આપેલ હતી. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૨૦૯૪ થી તા.૨૫.૨.૧૯૫૭ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે. સદર બંન્ને જમીનો મે. મામલતદાર સાહેબ ચોર્યાસીનાં હુકમ નં. બી.એન.ડી./ વશી/ ૧૨૧/ ૬૫ સુરત, તા.૨૫.૧.૧૯૬૬ ના રોજ કરેલ હુકમથી એન્ટ્રી એકત્ર કરવામાં આવેલ. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૩૩૭૨ થી તા.૨૬.૧.૧૯૬૬ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે. ત્યારબાદ જમીન માલીક બરજોરજી ફરામજી ભગતે સદર જમીનો રૂા.૪૯૯૯/– નાં અવેજથી (૧) ચુનીલાલ હીરાભાઈ, (૨) ચંદુભાઈ

# KASHYAP KIRTIKUMAR BANAATWALA

B.Com; LL.B.

**ADVOCATE**

5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.

Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com


હીરાભાઈ તથા (૩) મગનભાઈ હીરાભાઈનાઓને વેચાણ આપેલ હતી. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૩૪૦૬ થી તા.૩૦.૧.૧૯૬૭ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે.

---

સુરત ડીસ્ટ્રીકટ તાલુકા અડાજણના ગામ મોજે પાલનાં રે.સર્વે નં. ૩૬૩ તથા ૩૬૪ વાળી જમીનના મુળ માલીક બરજોરજી ફરામજી ભગત ચાલી આવેલ હતા. સદર બન્ને જમીનો એન્ટ્રી નં. ૩૦૫૯ થી એકત્ર કરવામાં આવેલ હોવાથી તેનું દુરસ્તી પત્રક નં. ૨૩ આવ્યા પ્રમાણે મે. સુપ્રિટેડન્ટ લેન્ડ રેકર્ડ ના કે.જે.પી./ એસ.આર. નં.૨, તા.૨૨.૧૧.૯૩૦ પ્રમાણે દૂરસ્તી કરે બન્ને બ્લોક નંબરો એકત્રીત કરી નવો બ્લોક નં. ૩૬૩ આપવામાં આવેલ. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૩૧૧૦ થી તા.૧૧.૧.૧૯૩૧ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે. ત્યારબાદ જમીન માલીક બરજોરજી ફરામજી ભગતએ સદર જમીન તા.૭.૨.૧૯૬૧ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી રૂા.૪૪૯૯/– નાં અવેજથી (૧) ચુનીલાલ હીરાભાઈ, (૨) ચંદુભાઈ હીરાભાઈ તથા (૩) મગનભાઈ હીરાભાઈનાઓને વેચાણ આપેલ હતી. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૩૧૪૯ થી તા.૨૦.૬.૧૯૬૧ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતે રે. સર્વે નં. ૩૫૨, ૩૬૩, ૩૬૪, ૩૬૫ તથા ૩૬૬ વાળી જમીનનો બ્લોક નં. ૩૨૯ આપવામાં આવેલ હતો. આ રીતે બ્લોક નં. ૩૨૯ થી નોંધાયેલ જમીનનાં માલીકો (૧) ચુનીલાલ હીરાભાઈ, (૨) ચંદુભાઈ હીરાભાઈ તથા (૩) મગનભાઈ હીરાભાઈ ચાલી આવેલ હતા. સદર જમીન માલીકો પૈકી ચંદુભાઈ હીરાભાઈનું તા.૩૧.૧૨.૧૯૮૧ ના રોજ અવસાન થયેલ હતું. જેથી તેઓના અવસાન બાદ તેમનાસીધીલીટીના વારસદારો (૧) પાલીબેન તે ચંદુભાઈ હીરાભાઈની વિધવા, (૨) દલપતભાઈ ચંદુભાઈ, (૩) બળવંતભાઈ ચંદુભાઈ, (૪) વસુબેન ચંદુભાઈ, (૫) ચંચળબેન ચંદુભાઈ તથા (૬) સવિતાબેન ચંદુભાઈના નામો વારસાઈ હકકે સદર જમીનનાં રેવન્યુ રેકર્ડમાં સહમાલીક તરીકે દાખલ કરવામાં આવેલ. જેની એન્ટ્રી ગામ

**KASHYAP KIRTIKUMAR BANAATWALA**
B.Com; LL.B.
**ADVOCATE**
5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com

નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૩૯૪૮ થી તા.૨૪.૧.૧૯૮૬ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે. આ રીતે સદર બ્લોક નં. ૩૨૯ થી નોંધાયેલ જમીનના માલીકો (૧) ચુનીલાલ હીરાભાઈ, (૨) મગનભાઈ હીરાભાઈ, (૩) પાલીબેન તે ચંદુભાઈ હીરાભાઈની વિધવા, (૪) દલપતભાઈ ચંદુભાઈ, (૫) બળવંતભાઈ ચંદુભાઈ, (૬) વસુબેન ચંદુભાઈ, (૭) ચંચળબેન ચંદુભાઈ તથા (૮) સવિતાબેન ચંદુભાઈ ચાલી આવેલ હતા.

ત્યારબાદ ઉપરોકત તમામ જમીન માલીકોએ કરેલ અરજીના અનુસંધાનમાં મે. નાયબ કલેકટરશ્રી ચોર્યાસી પ્રાંત સુરતના હુકમ ક્રમાંક : વહટ/ બવજ/ પાલ/ રજી નં. ૯૧/ ૦૪ સે. તુ. તા.૨૫.૧.૨૦૦૫ ના રોજ હુકમ કરી સદર જમીનમાં બ્લોક વિભાજનની પરવાનગી આપવામાં આવેલી. જે બ્લોક વિભાજન મુજબ સદર સંપુર્ણ જમીન પૈકી ઉત્તર તરફની હે.૦.૬૧આરે.૦૩ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન (૧) પાલીબેન તે ચંદુભાઈ હીરાભાઈની વિધવા, (૨) દલપતભાઈ ચંદુભાઈ, (૩) બળવંતભાઈ ચંદુભાઈ, (૪) વસુબેન ચંદુભાઈ, (૫) ચંચળબેન ચંદુભાઈ તથા (૬) સવિતાબેન ચંદુભાઈને આપવામાં આવેલ હતી અને જેને નવો બ્લોક નં. ૩૨૯/અ આપવામાં આવેલ. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં.૫૭૩૯ થી તા.૨૭.૪.૨૦૦૫ ના રોજ પાડીને તા.૩૦.૬.૨૦૦૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર હુકમથી સદર સંપુર્ણ બ્લોક નં. ૩૨૯ ની કબજા દુરસ્તી કરવામાં આવેલ. જે કબજા દુરસ્તી મુજબ સદર નવા બ્લોક નં. ૩૨૯/અ ની જમીનનું પાનીયુ છુટુ કરી અલગથી ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ ઉપસ્થિત કરવામાં આવેલ હતી. જેની કબજા દુરસ્તીની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૫૭૪૦ થી તા.૨૭.૪.૨૦૦૫ ના રોજ પાડીને તા.૩૦.૬.૨૦૦૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ જીલ્લા કલેકટરશ્રી સુરતનાં તા.૧૯.૧૦.૨૦૦૬ ના પત્ર મુજબ સદર ગામનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ. જેના અનુસંધાનમાં પ્રાદેશીક ફેરફાર ગામ આખુ નિકાલની નોંધ સદર જમીનનાં રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ ના

# Kashyap Kirtikumar Banaatwala

B.Com; LL.B.

**ADVOCATE**

5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com

હકક પત્રકમાં નોંધ નં. ૬૧૯૬ થી તા.૨૬.૧૨.૨૦૦૬ ના રોજ પાડીને પ્રમાણીત કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર ગામનો ચોર્યાસી તાલુકામાથી નિકાલ કરી સુરત સીટી તાલુકામાં (હાલ તાલુકો અડાજણ) સમાવેશ કરવામાં આવેલ. જેના અનુસંધાનમાં પ્રાદેશીક ફેરફાર નવા ગામ દાખલની નોંધ સદર જમીનનાં રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ ના હકક પત્રકમાં નોંધ નં.૬૧૯૭ થી તા.૨૨.૧૨.૨૦૦૬ ના રોજ પાડીને તા.૨૭.૧૨.૨૦૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

અગાઉ રે. સર્વે નં. ૩૬૫ વાળી જમીન પૈકી પૂર્વ તરફની એ.૦–૧૨ ગુંઠા જમીનમાં સોમાભાઈ ડાહયાભાઈ, મગનભાઈ ધનીયાભાઈ, છગનભાઈ પરસોત્તમભાઈ, ગોવનભાઈ છગનભાઈ, બાબરભાઈ ભીખાભાઈ, છગનભાઈ છીબાભાઈ, સુખાભાઈ બાબરભાઈ, ભાણાભાઈ મંગાભાઈ, છણીયાભાઈ દુર્લભભાઈ, સુખાભાઈ છનીયાભાઈનાઓના રહેવાના છાપરાઓ ચાલી આવેલ હતા. જેથી તેઓ તમામના નામો બીજા હકકમાં કબજેદારો તરીકે ગામ નમુના નં. ૭/૧૨ ની નકલમાં બીજા હકકમાં એન્ટ્રી નં. ૩૩૪૦ થી દાખલ થયેલ હતા. સદર તમામ કબજેદારોએ તા.૨૫.૫.૨૦૦૮ ના રોજ કરેલ કબજો સુપ્રત કર્યાના કરારના આધારે તમામના નામો બીજા હકકમાંથી કમી કરવામાં આવેલ. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૬૬૩૮ થી તા.૧૭.૧૦.૨૦૦૮ ના રોજ પાડીને તા.૧૭.૨.૨૦૦૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદર જમીન માલીકો (૧) પાલીબેન તે ચંદુભાઈ હીરાભાઈની વિધવા, (૨) દલપતભાઈ ચંદુભાઈ, (૩) બળવંતભાઈ ચંદુભાઈ, (૪) વસુબેન ચંદુભાઈ, (૫) ચંચળબેન ચંદુભાઈ તથા (૬) સવિતાબેન ચંદુભાઈનાઓએ સદર બ્લોક નં. ૩૨૯/અ પૈકી વણવહેંચાયેલ હકક હીસ્સાની ૧૨૧૨.૦૦ ચો.મી. જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી (૧) મનુભાઈ વલ્લભભાઈ તથા (૨) ભરતભાઈ બાલુભાઈને વેચાણ આપેલ. જેનો વેચાણ દસ્તાવેજ સુરતનાં સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૪૪૫૮ થી તા.૧૧.૬.૨૦૦૯ ના રોજ નોંધાયેલ છે. જેની એન્ટ્રી

# Kashyap Kirtikumar Banaatwala

B.Com; LL.B.

**ADVOCATE**

5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com


ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૬૭૬૬ થી તા.૨૨.૬.૨૦૦૯ ના રોજ પાડીને તા.૭.૧૨.૨૦૦૯ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદર જમીનને ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૧૪ (પાલ) લાગુ પડતા સદર જમીનને ઓરીજીનલ પ્લોટ નં. ૬૧/૧ બાદ ફાયનલ પ્લોટ નં.૭૬ આપવામાં આવેલ. જેમાં સદર જમીનનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૪૪૪૨.૦૦ ફાયનલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદર બ્લોક નં. ૩૨૯/અ, ટી.પી. સ્કીમ નં. ૧૪ (પાલ), ફા. પલોટ નં. ૭૬ વાળી ૪૪૪૨.૦૦ ચો.મી. જમીનમાં જમીન માલીકોએ જ.મ. કાયદાની કલમ–૬૫ હેઠળની બીનખેતીના કૃત્યો કરવાની પરવાનગી મેળવ્યા વિના બાંધકામ કરેલ હોવાથી જ.મ. કાયદાની કલમ–૬૬ હેઠળ કેસ ચાલી જતાં મે. કલેકટર સાહેબશ્રી સુરતનાએ તેમનાં હુકમ ક્રમાંક : (જે)બખ/ તપસ/ રજી નં. ૨૫/ ૧૦–૧૧ થી તા.૪.૧૦.૨૦૧૦ ના રોજ હુકમ કરી સદર જમીનમાં રહેણકનાં હેતુ માટે બીનખેતીનાં કૃત્યો કરવાની પરવાનગી આપેલ છે. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૭૧૧૦ થી તા.૧૪.૧૦.૨૦૧૦ ના રોજ પાડીને તા.૪.૩.૨૦૧૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ ઉપરોકત જમીન માલીકો પૈકી દલપતભાઈ ચંદુભાઈનું તા.૨૩.૧૦.૨૦૨૦ ના રોજ અવસાન થયેલ. જેથી તેઓના અવસાન બાદ તેમના સીધીલીટીના વારસદારો (૧) ઉર્મિલાબેન તે દલપતભાઈ પટેલની વિધવા, (૨) અલ્પેશભાઈ દલપતભાઈ પટેલ, (૩) નિરંજના તે દલપતભાઈ પટેલની પુત્રી અને સંજયકુમારની પત્ની તથા (૪) રીટા તે દલપતભાઈ પટેલની પુત્રી અને ભાવીન પટેલની પત્નીના નામો વારસાઈ હકકે સદર જમીનનાં રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ. જેની એન્ટ્રી ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૮૯૪૩ થી તા.૧૫.૧૨.૨૦૨૦ ના રોજ પાડીને તા.૧૨.૩.૨૦૨૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

Kashyap Kirtikumar Banaatwala
B.Com; LL.B.
**ADVOCATE**
5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com

સદર જમીનનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૪૪૪૨.૦૦ ચો.મી. ચાલી આવેલ હતું. જે જમીનમાં કુલ બે સબપ્લોટ કરવામાં આવેલ. જે મુજબ સબ પ્લોટ નં. ૧ નું ક્ષેત્રફળ ૮૮૨.૦૦ ચો.મી. તથા સબ પ્લોટ નં. ૨ નું ક્ષેત્રફળ ૩૫૬૦.૦૦ ચો.મી. કરવામાં આવેલ હતું. જે સંપુર્ણ ફાયનલ પ્લોટ મુજબની ૪૪૪૨.૦૦ ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન ડેવલોપ કરવા માટેનો પ્લાન સુરત મહાનગર પાલીકા તરફથી રજાચીઠ્ઠી નં. SMC/ 13-03-2020/ 1409941/ 01/ 012809 થી તા.૩.૧૦.૨૦૨૦ ના રોજ મંજુર કરી ડેવલોપ કરવા માટેની પરવાનગી આપેલ છે. ત્યારબાદ સદર ૩૫૬૦.૦૦ ચો.મી. જમીન ઉપર બહુમાળી ઈમારતનાં બાંધકામ કરવાની પરવાનગી સુરત મહાનગર પાલીકાના શહેરી વિકાસ ખાતા તરફથી રજાચીઠ્ઠી નં. ટી.ડી.ઓ./ ડી.પી./ નં. ૨૧૩ થી તા.૨૩.૧૧.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ છે.

ત્યારબાદ સદર ટી.પી. સ્કીમ નં. ૧૪ (પાલ), ફા. પ્લોટ નં. ૪૪૪૨.૦૦ ચો.મી. જમીનનો સીટી સર્વે વોર્ડ : ટી.પી. ૧૪(પાલ) માં સમાવેશ કરવામાં આવેલ. જેથી સંપુર્ણ ક્ષેત્રફળ પૈકી ૮૮૨.૦૦ ચો.મી. જમીનને સીટી સર્વે વોર્ડ ટી.પી. ૧૪(પાલ) માં સીટી સર્વે નંબર :૧૭૦૦૦૬ આપવામાં આવેલ છે. તેમજ ક્ષેત્રફળ ૩૫૬૦.૦૦ ચો.મી. જમીનને સીટી સર્વે વોર્ડ : ટી.પી. ૧૪(પાલ) માં સીટી સર્વે નંબર : ૧૭૦૦૦૧ આપવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતે મોજે પાલ, તા. અડાજણ, જી. સુરતના બ્લોક/ સર્વે નં. ૩૨૯/અ, ટી.પી. સ્કીમ નં. ૧૪ (પાલ), ફા. પ્લોટ નં. ૭૬, સીટી સર્વે વોર્ડ : ટી.પી. ૧૪ (પાલ) ના સીટી સર્વે નં. ૧૭૦૦૦૧ થી નોંધાયેલી ૩૫૬૦.૦૦ ચો.મી. ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીનના માલીક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર (૧) પાલીબેન તે ચંદુભાઈ હીરાભાઈની વિધવા, (૨) બળવંતભાઈ ચંદુભાઈ, (૩) વસુબેન ચંદુભાઈ, (૪) ચંચળબેન ચંદુભાઈ, (૫) સવિતાબેન ચંદુભાઈ, (૬) ઉર્મિલાબેન તે દલપતભાઈ પટેલની વિધવા, (૭) અલ્પેશભાઈ દલપતભાઈ પટેલ, (૮) નિરંજના તે દલપતભાઈ પટેલની પુત્રી અને સંજયકુમારની પત્ની તથા (૯) રીટા તે દલપતભાઈ

Kashyap Kirtikumar Banaatwala
B.Com; LL.B.
**ADVOCATE**
5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com

પટેલની પુત્રી અને ભાવીન પટેલની પત્ની ચાલી આવેલ. તેઓ પાસેથી સદર જમીન વી.જી. સ્કવેર રીયલ્ટી એલએલપી એક ભાગીદારી પેઢીના ભાગીદારો (૧)રાહુલ ગૌતમભાઈ પટેલ, (૨) ઘનશ્યામભાઈ ઠાકરશીભાઈ ધામેલીયા, (૩) વલ્લભભાઈ ખીમજીભાઈ સોનાણી, (૪) હીરેન જયંતિલાલ અંટાળા, તથા (૫) ગૌતમ ખોડીદાસ પટેલએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ હતી. જેનો વેચાણ દસ્તાવેજ સુરતનાં સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૨૪૭૦૬ થી તા.૨૪.૧૧.૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે.

સદર જમીન અંગે ગુજરાતમિત્ર દૈનીકમાં તા.૮.૧૨.૨૦૨૨ ના રોજ ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ છે. જેમાં આજ દીન સુધી કોઈના કોઈપણ જાતનાં વાંધા–વિરોધ આવેલ નથી.

ઉપરોકત તમામ હકીકતે હાલમાં મોજે પાલ, તા. અડાજણ, જી. સુરતના બ્લોક/ સર્વે નં. ૩૨૯/અ, ટી.પી. સ્કીમ નં. ૧૪ (પાલ), ફા. પ્લોટ નં. ૭૬, સીટી સર્વે વોર્ડ : ટી.પી. ૧૪ (પાલ) ના સીટી સર્વે નં. ૧૭૦૦૦૧ થી નોંધાયેલી ૩૫૬૦.૦૦ ચો.મી. ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીન માલીક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર વી.જી. સ્કવેર રીયલ્ટી એલએલપી એક ભાગીદારી પેઢીના ભાગીદારો (૧)રાહુલ ગૌતમભાઈ પટેલ, (૨) ઘનશ્યામભાઈ ઠાકરશીભાઈ ધામેલીયા, (૩) વલ્લભભાઈ ખીમજીભાઈ સોનાણી, (૪) હીરેન જયંતિલાલ અંટાળા તથા (૫) ગૌતમ ખોડીદાસ પટેલ ચાલી આવેલ છે.

તેમજ સબરજીસ્ટ્રાર કચેરીમાં ૩૦ વર્ષની સર્ચ કરતા અને બોજા અંગેનું પ્રમાણપત્ર મેળવતા સદરહુ જમીન ઉપર કોઈનો ચાર્જ, બોજો, લીયન કે હકક જણાય આવતા નથી. જેથી સદરહુ જમીનનાં ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ જણાય છે.

નીચે મુજબનાં દસ્તાવેજો જમીન માલીકો ધ્વારા રજુ કરવામાં આવેલા છે અને તેનો અભ્યાસ કરી અભિપ્રાય આપ્યો છે.

# KASHYAP KIRTIKUMAR BANAATWALA

**ADVOCATE** B.Com; LL.B.

5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com

(૧) સુરત ડીસ્ટ્રીકટ, તા. અડાજણના ગામ મોજે પાલનાં રે. સર્વે નં. ૩૬૩, ૩૬૫, ૩૫૨– ઉત્તર તરફ ના બ્લોક નં. ૩૨૯/અ થી નોંધાયેલી બીનખેતીની જમીનની ગામ નમુના નં. ૭ ની ખરી નકલની ઝેરોક્ષ. તા.૧૧.૪.૨૦૨૨

(૨) ઉપરોકત જમીનની ગામ નમુના નં. ૧૨ ની નકલ સને ૨૦૨૧–૨૨ થી ૨૦૨૩–૨૪ ની ખરી નકલની ઝેરોક્ષ.

(૩) ઉપરોકત જમીનની ગામ નમુના નં. ૮–અ ની ખરી નકલની ઝેરોક્ષ તા.૧૧.૪.૨૦૨૨

(૪) મોજે પાલનાં રે. સર્વે નં. ૩૫૨ થી નોંધાયેલી જમીનની ગામ નમુના નં. ૭ ની ખરી નકલની ઝેરોક્ષ. સને ૧૯૨૭–૧૯૨૮ થી ૧૯૭૯ – ૧૯૮૦

(૫) મોજે પાલનાં રે. સર્વે નં. ૩૫૨ થી નોંધાયેલી જમીનની ગામ નમુના નં. ૭ ની ખરી નકલની ઝેરોક્ષ. સને ૧૯૨૭–૧૯૨૮ થી ૧૯૭૯ – ૧૯૮૦

(૬) મોજે પાલનાં રે. સર્વે નં. ૩૬૩ થી નોંધાયેલી જમીનની ગામ નમુના નં. ૭ ની ખરી નકલની ઝેરોક્ષ. સને ૧૯૨૭–૧૯૨૮ થી ૧૯૮૩ – ૧૯૮૪

(૭) મોજે પાલનાં રે. સર્વે નં. ૩૬૫ થી નોંધાયેલી જમીનની ગામ નમુના નં. ૭ ની ખરી નકલની ઝેરોક્ષ. સને ૧૯૨૭–૧૯૨૮ થી ૧૯૮૪ – ૧૯૮૫

(૮) મોજે પાલનાં રે. સર્વે નં. ૩૬૩, ૩૬૫, ૩૫૨ ના બ્લોક નં. ૩૨૯ થી નોંધાયેલી જમીનની ગામ નમુના નં. ૭ ની ખરી નકલની ઝેરોક્ષ. સને ૧૯૭૩–૧૯૮૪ થી ૨૦૦૩ – ૨૦૦૪

(૯) સીટી સર્વે વોર્ડ : ટી.પી. ૧૪ (પાલ) ના સીટી સર્વે નં. ૧૭૦૦૦૧ ના પોપર્ટી કાર્ડની ખરી નકલ.

(૧૦) ઉપરોકત જમીનનાં રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૬ હકક પત્રકની તમામ એન્ટ્રીઓની ઝેરોક્ષ.

(૧૧) નગર આયોજન અને મુલ્યાંકન ખાતાનાં ટી.પી. નં. ૧૪ (પાલ) આખરી યોજના પુનઃવહેંચણી અને મુલ્યાંક પત્રક નમુનો – "છ" ની ઝેરોક્ષ.

(૧૨) નગર નિયોજક શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતુ સુરત મહાનગર પાલીકાએ આપેલ પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટની ઝેરોક્ષ.

(૧૩) સુરત મહાનગર પાલીકાએ આપેલ ડેવલોપમેન્ટ પરમીશનની ઝેરોક્ષ.

(૧૪) જીલ્લા કલેકટરશ્રીએ બિનખેતીનો આપેલ હુકમ ક્રમાંક : (જે)બખ/ તપસ/ રજી નં. ૨૫/ ૧૦–૧૧, તા.૪.૧૦.૨૦૧૦

(૧૫) બ્લોક નં. ૩૨૯/અ વાળી જમીન અંગે સુડાએ આપેલ ઝોનીંગ સર્ટીફીકેટ તથા સુડાના પાર્ટ પ્લાનની ઝેરોક્ષ.

(૧૬) વી.જી. સ્કવેર રીયલ્ટી એલએલપી એગ્રીમેન્ટ તા.૧૪.૭.૨૦૨૨ ની ઝેરોક્ષ.

(૧૭) વી.જી. સ્કવેર રીયલ્ટી એલએલપીની પ્રથમ સુધારા એગ્રીમેન્ટ તા.૪.૮.૨૦૨૨ ની ઝેરોક્ષ.

(૧૮) વી.જી. સ્કવેર રીયલ્ટી એલએલપીના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની ઝેરોક્ષ.

(૧૯) સુરત મહાનગર પાલીકાએ આપેલ રજાચીઠ્ઠીની ઝેરોક્ષ.

(૨૦) સુરત મહાનગર પાલીકાએ મંજુર કરેલ પ્લાનની ઝેરોક્ષ.

(૨૧) વી.જી. સ્કવેર રીયલ્ટી એલએલપી એક ભાગીદારી પેઢીના લાભમાં કરવામાં આવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૪૭૦૬ તા.૨૪.૧૧.૨૦૨૨ ની અસલની ઝેરોક્ષ.

# Kashyap Kirtikumar Banaatwala

B.Com; LL.B.

**ADVOCATE**

5-6, "Siddhi" Samarth Park, Opp. "You" Telecom, Adajan Village Lane, Cross Road, SURAT-395 009.
Ph. : 91 261 2785088, Email : kkb_9198@yahoo.com


(૨૨) ગુજરાતમિત્ર દૈનીકમાં આપવામાં આપેલ ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસના દૈનીક વર્તમાન પત્રની નકલ.

કશ્યપ કે. બનાતવાળા
એડવોકેટ.

બિડાણ :– સુરતનાં સબરજીસ્ટ્રાર કચેરીમાં કરવામાં આવેલ ૩૦ વર્ષની સર્ચની રસીદ તથા બોજા મુકિતનું પ્રમાણ પત્ર

NO. 202201800083622, 202202100067275,
202201800083623,

# Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : Revenue Survey/Block No. 329/a, City Survey No. 170001, Sub Plot No. 02, T.P. No. 14, F.P. No. 76

Search in : PAL /PAL

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૧૮૦૦૦૮૩૬૨૨ | અરજી નંબર | ૫૫૪૪૮ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૭ | માહે | ડિસેમ્બર | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ KASHYAP KIRTI BANATWALA

ટ્રાન્જેક્સન નંબર 20221207756978105

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......... | |
| શેરોની નકલ કરવા માટે ફી.......... | |
| ટપાલ ખર્ચ.......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......... | |
| શોધ અગર તપાસણી..........વર્ષ : 1992 થી 1999 | ૯૦.૦૦ |
| દંડ કલમ-૨૫.......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).......... | |
| નકલ ફી ફોલીયો.......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .......... | |
| અન્ય ફી .......... | |

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૯૦.૦૦ |

અંકે રૂપીયા નેવું પુરા

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT CITY-1. (ATHWA) * સબ રજીસ્ટ્રાર સુરત સીટી-૧ (અઠવા)

એમ. આર. પરમાર
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

# Inspector General of Registration
# Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : Revenue Survey/Block No. 329/a, City Survey No. 170001, Sub Plot No. 02, T.P. No. 14, F.P. No. 76

Search in : પાલ /PAL

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૨૧૦૦૦૬૭૨૭૫ | અરજી નંબર | ૨૬૯૦૮ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૭ | માહે | ડિસેમ્બર | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ KASHYAP KIRTI BANATWALA

ટ્રાન્જેક્સન નંબર 20221207394530806

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી....................... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો....................... | |
| શેરોની નકલ કરવા માટે ફી....................... | |
| ટપાલ ખર્ચ....................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )....................... | |
| શોધ અગર તપાસણી....................વર્ષ : 1999 થી 2012 | ૨૫૦.૦૦ |
| દંડ કલમ-૨૫....................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )....................... | |
| નકલ ફી ફોલીયો....................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ....................... | |
| અન્ય ફી ....................... | |
| કુલ એકંદરે રૂ. | ૨૫૦.૦૦ |

અંકે રૂપીયા બે સો પચાંસ પુરા

Rajesh Lakhmanbhai Chaudhari
સબ રજીસ્ટ્રાર
સુરત - 4 Katargam

ઈન્સપેક્ટર [redacted]રલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત [redacted]જ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : KASHYAP KIRTI BANATWALA** અરજી નંબર : 26908 ગામ નું નામ : **PAL**

**Search Year : 2005 - 2012** મિલ્કતનું વર્ણન : **Revenue Survey/Block No. 329/a, City Survey No. 170001, Sub Plot No. 02, T.P. No. 14, F.P. No. 76**

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam** મા -14 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. **07/12/2022** સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુકશાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ|.495000.00 | 1. ખુલ્લી જમીન-ખેતીકીય-પીયતબ્લોક નં.329/અ નાં 0-હેક્ટર-આરે,03-મીટર યાને 6103 ચો.મીઆકાર રૂ.16.64 પૈસા જુનીશરતની ખેતી ની જમીન પૈકી1212 ચો.મી ના વણવહેચાયેલ હીસ્સાને લાગતા હકકો સહીત | | | 1. પાલીબેન ચંદુભાઈ<br>2. દલપતભાઈ ચંદુભાઈ<br>3. બળવંતભાઈ ચંદુભાઈ<br>4. વસુબેન ચંદુભાઈ<br>પ. ચંચળબેન ચંદુભાઈ<br>6. સવિતાબેન ચંદુભાઈ | મનુભાઈ વલ્લભભાઈ<br>ભરતભાઈ બાલુભાઈ | 25-03-2008<br>11-06-2009 | 4458 | Old Doc.No:11774 Year:2008 |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર **20221207394530806** Date **07/12/2022** થી મળેલ છે.

સબરજીસ્ટ્રાર

**Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam**

Inspector General of Registration
Revenue Department, Government of Gujarat

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : Revenue Survey/Block No. 329/a, City Survey No. 170001, Sub Plot No. 02, T.P. No. 14, F.P. No. 76

Search in : PAL /PAL

પહોંચ નંબર ૨૦૨૨૦૧૮૦૦૦૮૩૬૨૩ અરજી નંબર ૫૫૪૪૯ અરજી વર્ષ ૨૦૨૨

તારીખ ૭ માહે ડિસેમ્બર સને ૨૦૨૨

રજુ કરનારનું નામ KASHYAP KIRTI BANATWALA

ટ્રાન્જેક્સન નંબર 20221207296505614

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો......... | |
| શેરોની નકલ કરવા માટે ફી......... | |
| ટપાલ ખર્ચ......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )......... | |
| શોધ અગર તપાસણી.........વર્ષ : 2012 થી 2022 | ૨૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )......... | |
| નકલ ફી ફોલીયો......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ......... | |
| અન્ય ફી ......... | |

| કુલ એકંદરે રૂ. | ૨૨૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો વીસ પુરા

THE SEAL OF THE SUB REGISTRAR SURAT CITY-1 (ATHWA)

એમ. આર. પરમાર
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

**Search in : KASHYAP KIRTI BANATWALA** અરજી નંબર : 55449 ગામ નું નામ : **PAL**

**Search Year : 2012 - 2022** મિલ્કતનું વર્ણન : **Revenue Survey/Block No. 329/a, City Survey No. 170001, Sub Plot No. 02, T.P. No. 14, F.P. No. 76**

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-1 (Athawa), A/6, Bahumali, Nanpura** મા -11 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલ્બધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 07/12/2022 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુકશાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|

THE SEAL OF THE SUB REGISTRAR SURAT CITY-1, (ATHWA)

પ્રિન્ટ તારીખ : 07/12/2022 12:28:31

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

Search in : KASHYAP KIRTI BANATWALA અરજી નંબર : 55449 ગામ નું નામ : PAL

Search Year : 2012 - 2022 મિલ્કતનું વર્ણન : Revenue Survey/Block No. 329/a, City Survey No. 170001, Sub Plot No. 02, T.P. No. 14, F.P. No. 76 મા -11 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) SURAT-1 (Athawa), A/6, Bahumali, Nanpura મા -11 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 07/12/2022 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરબ્દલ/વેચાણ<br><br>રૂ.50358600.00 | રે.બ્લોક/સર્વે નંબર.329/અટી.પી. નંબર.14(PAL) એફ.પી. નંબર.76 સબ પ્લોટ નં. 02,સીટી સર્વે વોર્ડ:14(પાલ) ના સીટી સર્વે નંબર.170001 જે જમીનનું ક્ષેત્રફળ 3560.00 ચો.મી. તે જમીન | પાલીબેન ચંદુભાઈ પટેલ<br>બળવંતભાઈ ચંદુભાઈ પટેલ<br>વસુબેન ચંદુભાઈ પટેલ તે ઈશ્વરભાઈ પટેલની પત્ની<br>ચંચળબેન ચંદુભાઈ પટેલ તે હસમુખભાઈ પટેલની પત્ની<br>સવિતાબેન ચંદુભાઈ પટેલ તે હસમુખભાઈ પટેલની પત્ની<br>ઉર્મિલાબેન તે દલપતભાઈ પટેલની વિધવા<br>અલ્પેશભાઈ દલપતભાઈ પટેલ<br>નિરંજનાબેન તે દલપતભાઈ પટેલની પુત્રી અને સંજયકુમાર પટેલની પત્ની<br>રીટા તે દલપતભાઈ પટેલની પુત્રી અને ભાવીન પટેલની પત્ની | વી. જી. સ્કવેર રીયલ્ટી એલએલપી. એક ભાગીદારી પેઢી તર્ફે તેના ભાગીદાર રાહુલ ગૌતમભાઈ પટેલ<br>વી. જી. સ્કવેર રીયલ્ટી એલએલપી. એક ભાગીદારી પેઢી તર્ફે તેના ભાગીદાર ઘનશ્યામભાઈ ઠાકરશીભાઈ ધામેલીયા<br>વી. જી. સ્કવેર રીયલ્ટી એલએલપી. એક ભાગીદારી પેઢી તર્ફે તેના ભાગીદાર વલ્લભભાઈ ખીમજીભાઈ સોનાણી<br>વી. જી. સ્કવેર રીયલ્ટી એલએલપી. એક ભાગીદારી પેઢી તર્ફે તેના ભાગીદાર હીરેન જયંતિલાલ અંટાળા<br>વી. જી. સ્કવેર રીયલ્ટી એલએલપી. એક ભાગીદારી પેઢી તર્ફે તેના ભાગીદાર ગૌતમ ખોડીદાસ પટેલ | 24-11-2022<br><br>24-11-2022 | 24706 | |

SEAL OF THE SUB REGISTRAR * SURAT CITY-1 (ATHWA) *

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર: 20221207296505614 Date 07/12/2022 થી મળેલ છે.

પ્રિન્ટ તારીખ : 07/12/2022 12:28:31

ઈન્સપેક્ટર[redacted]નરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરા[redacted]જ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : KASHYAP KIRTI BANATWALA** અરજી નંબર : 55449 ગામ નું નામ : **PAL**

**Search Year : 2012 - 2022** મિલ્કતનું વર્ણન : **Revenue Survey/Block No. 329/a, City Survey No. 170001, Sub Plot No. 02, T.P. No. 14, F.P. No. 76**

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-1 (Athawa), A/6, Bahumali, Nanpura** મા -11 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલ્બધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. **07/12/2022** સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ** :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

**સબ-રજીસ્ટ્રાર**

**Sub-Registrar Office(SRO) SURAT-1 (Athawa), A/6, Bahumali, Nanpura**

પ્રિન્ટ તારીખ : 07/12/2022 12:28:32